# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે - ઑગસ્ટ ૨૦૨૦ વર્ષ ૧૩ અંક ૧ પૃષ્ઠ ૧૨ રૂ. ૨/-

## સહચિંતનની કલા

**મ**ને લાગે છે કે સહચિંતનની કલા ઘણી અગત્યની છે. વૈજ્ઞાનિકો તેમ જ સાવ અશિક્ષિત માણસો વિચાર કરતા હોય છે. તેઓ તેમના વ્યવસાય અનુસાર, અને તેમની માન્યતા અને અનુભવ અનુસાર વિચારતા હોય છે. આપણે બધા વસ્તુલક્ષી રીતે અથવા તો આપણા અમુક વલણ અનુસાર વિચારતા હોઇએ છીએ,પરંતુ સાથે મળીને વિચાર કે અવલોકન કરતા હોતા નથી. આપણે કોઇ વસ્તુ માટે, અમુક સમસ્યા ઉપર કે કોઇ અનુભવ વિષે વિચાર કરીએ, પરંતુ આ વિચારણા એની પોતાની મર્યાદાથી આગળ જતી નથી. સહચિંતન, કોઇ અમુક વિષય અંગે નહીં, પરંતુ સાથે મળીને વિચારવાની શક્તિ સાવ જુદી જ બાબત છે. વિશ્વમાં ભય, ત્રાસ, યુદ્ધની આખરી કક્ષાએ પહોંચતી પાશવતા જેવી મોટી કટોકટી ઊભી થઇ હોય ત્યારે સાથે મળીને વિચારવાનું જરૂરી બને છે. આનું અવલોકન મૂડીવાદી, સમાજવાદી, આત્યંતિક ડાબેરી કે આત્યંતિક જમણેરી તરીકે નહીં પણ સાથે મળીને કરવા માટે પ્રથમ એ સમજવાનું હોય છે કે આપણે આ વિકૃત પરિસ્થિતિમાં કેવી રીતે આવી પડયા. પરંતુ એટલું પૂરતું થતું નથી. આમાંથી બહાર નીકળવાનો માર્ગ કયો સૂઝે છે એ પણ સાથે મળીને જોવું પડશે. વેપારી અથવા રાજકરણી માણસ આ સમસ્યાને એક મર્યાદિત અભિગમથી જોશે, જ્યારે આપણે કહીએ છીએ કે આપણે સમગ્ર જીવનની દૃષ્ટિએ એના પ્રત્યે જોવું પડશે; બ્રિટિશર, ફ્રેંચ કે ચાઇનિઝ એવી રીતે નહીં.

સમગ્ર જીવનની દૃષ્ટિએ જોવું એટલે શું? એનો અર્થ એ છે કે આપણે આપણી જાતને રાષ્ટ્રના કે એવા કોઇ ભાગલા પાડયા વિના ફક્ત માણસ તરીકે જ જોઇએ. સમગ્ર જીવનને આરંભ કે અંત વિનાની, સમયથી મુક્ત, મૃત્યુથી પણ મુક્ત એવી એક જ ગતિ તરીકે જોઇએ. આ બાબત સમજવી મુશ્કેલ છે. કારણકે આપણે અખંડ નહીં, ખંડ દૃષ્ટિએ જોવાને ટેવાયેલા છીએ. આપણે વિભાજન કરતા રહીએ અને આશા એવી રાખીએ છીએ કે અખંડને ખંડ દૃષ્ટિએ આપણે બરાબરજોઇ શકીશું.

સહચિંતનની કલાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો પડશે. એ શક્ય છે કે નહીં એ જ પહેલા તપાસવું પડશે. દરેક માણસ પોતાના પ્રત્યાઘાતો, અનુભવો, પૂર્વગ્રહો અનુસાર વિચારવાની પોતાની વિશિષ્ટ રીતને વળગી રહેતો હોય છે. આ રીતે જ આપણા સંસ્કારો બંધાયા છે, અને તે સહચિંતનને અવરોધે છે. એ સહચિંતનનો અર્થ એ નથી કે બધાનાં મન એક થઇ જાય. એક આદર્શ માટે. ઇતિહાસના એક નિર્ણય માટે અથવા કોઇ એક દાર્શનિક સંકલ્પના અંગે નિર્ણય કરવા માટે આપણાં મન એકઠાં થઇ શકતાં હોય છે અને એ માટે સાથે મળીને કામ પણ કરતાં હોય છે, કારણકે આ બધાનો મૂળભૂત પાયો કોઇ એક પ્રામાણ્ય હોય છે.

સ્વતંત્રતા એ સહચિંતનનું હાર્દ છે. તમારે તમારી સંકલ્પનાઓ, તમારા પૂર્વગ્રહો વગેરેમાંથી મુક્ત હોવું જોઇએ, મારે પણ મુક્ત હોવું જોઇએ, અને આ સ્વતંત્રતામાં સૌએ સાથે મળવું જોઇએ. એનો અર્થ એ કે આપણે આપણા બધા સંસ્કારોને ખરી પડવા દેવા. ભૂતકાળને જરા પણ વચ્ચે લાવ્યા સિવાયના સંપૂર્ણ અવધાનનો પણ એમાં સમાવેશ થાય છે. વિશ્વની વર્તમાન કટોકટી માગે છે કે આપણી સામૂહિક જ્ઞાતિવૃત્તિઓ જેણે હવે રાષ્ટ્રવાદનું ઉજ્જ્વળ રૂપ ધારણ કર્યું છે તેનો પણ સંપૂર્ણપણે ત્યાગ કરવો. આપણા સ્વાર્થો, જેમણે બ્રિટિશ, આરબ, રશિયન વગેરે રૂપ લીધાં છે તે સંપૂર્ણપણે તજી દેવા.

આજે અલગતાવાદનો, સ્વાર્થોનો ભય ઊભો થયો છે, ત્યારે માણસે શું કરવું? એક અથવા બીજી રાજ્યસત્તાનો વિસ્તારવાદ આર્થિક સ્વરૂપનો હોય, રાજકીય સ્વરૂપનો હોય અથવા કોઇ ભૂતાવેશવાળા મનોરોગી તરફથી કે ધર્મઝનૂની નેતાઓ તરફથી આવ્યો હોય. આ બધાનો મુકાબલો કરવા માટે માણસે શું કરવું? કાં તો તમે એનાથી દૂર હટી જાઓ અને બેપરવાહીની ઓથ લો અથવા કોઇ રાજકીય મૈત્રીજૂથમાં જોડાઓ અથવા કોઇ ધાર્મિકજૂથનો આશ્રય લો. તમે એનાથી છટકી નહીં શકો. એતો છે જ.

મારે શું કરવું? સમાજ રચનાનો આજનો ઢાંચો, અર્થહીન અધાર્મિક રીતો હું સ્વીકારતો નથી. એ બધાનો હું ઇન્કાર કરું છું. તો હું સૌથી વિખુટો પડી જાઉં છું. આ અલગ પડી જવું એ કોઇ છટકબારી નથી. એ કોઇ અત્યંત સલામત બુરજ નથી. કોઇ રોમાંચક કાલ્પનિક ભ્રમણા પણ નથી. રાષ્ટ્રવાદ, વિસ્તારવાદ કે અધાર્મિક જીવનની ભાગલા પડાવતી સ્વાર્થ માટેની દોડની વ્યર્થતા હું જોઉં છું, એ કારણે સમાજની આ સમૂળી વિનાશકતાને હું નકારું છું. એને પરિણામે હું એકલો ઊભો છું. મનુષ્ય ચેતનાની આ વિનાશકતામાં હું જરાય માનસશાસ્ત્રીય ફાળો આપતો નથી. એટલે હું એવા પ્રવાહમાં છું જ્યાં ભલાઇ, કરુણા અને પ્રજ્ઞા જ છે. આ પ્રજ્ઞા વર્તમાન જગતના ઉન્માદનો મુકાબલો કરવામાં સક્રિય છે, અને જ્યાં વિરુપતા હશે ત્યાં એ પ્રજ્ઞા એ જ રીતે સક્રિય રહેશે.

*The Whole Movement of Life is Learning - Letters to his Schools,* યાળાઓને પત્રો *Chpt 40*

> ‘સંગાથે’ એટલે ‘સાથે આવવું’, ‘ચિંતિત હોવું’, ‘પ્રતિબદ્ધ હોવું’; કોઈ વિચારધારા, શાસ્ત્રો કે સંકલ્પનાઓ સાથે નહીં, ફક્ત બહારનું જગત કે જે આપણે બનાવ્યું છે તે જ નહીં પણ અસ્તિત્વની આખી ગતિની સમજણ સહિત અંતરની ઊંડાઈથી ચિંતિત હોવું એ, આ વાત સમજવી ઘણું મહત્વનું છે.
>
> બ્રોકવૂડ પાર્ક, ૧૯૮૩, ત્રીજો જાહેર વાર્તાલાપ

સંપાદકીય

**વદ્** એ સંસ્કૃત ધાતુનો અર્થ થાય છે 'બોલવું'. આગળ પાછળ પ્રત્યય લગાવીને વદ્'ને અનેક રંગ, છટા આપવામાં આવે છે જેવા કે વાદ, સંવાદ, વિતંડાવાદ, સુસંવાદ વગેરે.

કૃષ્ણમૂર્તિના વિચારોના સંદર્ભમાં 'સંવાદ' આ પ્રક્રિયાનો એક અલગ જ અર્થ છે. બોલવું, સાંભળવું, જવાબ આપવું એ બધું જ આમાં સમાયેલું છે. ત્યાં 'બોલવું' એ શબ્દથી પરેહોય, 'સાંભળવું' એ પૂર્વગ્રહ ભર્યું ન હોય અને સ્વાભાવિકપણે આવેલા પ્રતિસાદમાં પારદર્શિતા હોય, પ્રમાણિકપણું હોય અને એથી જ વિશ્વાસ ભર્યા વાતાવરણનું નિર્માણ થાય.

જે વિષય પર સંવાદ થતો હોય તે બોલનારના અંતરમાંથી ખૂલતો હોય છે. સંવાદ એ વાદ નથી, ચર્ચા નથી, એમાં બીજાને આપણા મતમાં પલટાવી દેવાની વાત નથી હોતી, એમાં કોઈ પણ માર્ગદર્શક પોતાનો અધિકાર જતાવતો નથી અને તે છતાં પણ એમાં વ્યવસ્થા રહેલ હોય છે, વ્યવસ્થા જે અંતરમાં રહેલી હોય છે.

સંવાદમાં અન્યનાં વિચારો સમજવા માટે મનમાં રહેલ બધા પડદાઓ, બધા અંતરાય વિરમી જાય છે. જ્યારે અંહકાર ન હોય, અદ્ભુત વિનમ્રતા હોય, ત્યારે જ સંવાદ થઈ શકે છે. સંવાદમાંથી પ્રજ્ઞાનો ઉદય થઈ શકે, જાગૃતિમાં પરિવર્તન થઈ શકે. પણ આપણે તો 'હું' માં અટકેલાં છીએ. અથાક પ્રયત્નો કરી, શોધ કરી અને જો આ સત્યપ્રગટ પણ થયું તોય તેવી રીતે જીવવું એ શક્ય થતું નથી એવું લાગે છે.


સંવાદમાંથી કાંઈ નિષ્પન્ન થશે કે નહિં એવા વિચારોમાં શક્તિનો વ્યય ન કરતાં, અન્યની સંગતમાં જ પ્રામાણિકપણે આપણાં પોતાનાં મનોવ્યાપાર વિશે અવધાન રાખવું એટલું જ આપણાં હાથમાં છે એવું લાગે છે. કદાચ, જો સંવાદ શબ્દની જાળમાંથી છૂટે – એટલે કે તેમાં વિચારોને દૂર રાખવામાં આવે – તો સત્ય પ્રગટશે.

...અત્યારની પરિસ્થિતિમાં જગત આખું 'કોરોના'ના રૂપમાં આવેલ એક ભયંકર સંકટની છાયામાં અંધારામાં ભાંગી પડીને મૂંઝવણમાંથી માર્ગ શોધી રહ્યું છે. ત્યારે સંવાદ – કૃષ્ણમૂર્તિને અભિપ્રેત છે તેવો સંવાદ – અતિશય મહત્ત્વનો છે. 'આપણે અને જગત એ અલગ નથી'- કૃષ્ણમૂર્તિના આ વાક્યની ઝલક દેખાવા લાગી છે – એટલે કે ગંભીર વિચાર કરવા માટેની જરૂર દેખાવા લાગી છે.

આ રોગચાળાએ જગત આખાને ભરડામાં લઈ લીધું છે, ભેદભાવ ભુલીને આજ સાચા અર્થમાં એકત્ર થઈ જવાનો સમય આવ્યો છે. કારણકે, સંકટ કોઈ એક દેશ પર, કોઈ એક ધર્મ પર, કોઈ એક વિચારણા પર, કોઈ એક આદર્શ પર નથી, સંકટ છે માનવ વંશ ઉપર, માનવનાં અસ્તિત્વ પર. પણ,સાથે રહીને, એકત્ર થઈને વિચાર કરવો એટલે શું? બધાં દેશો સમાન સ્તર પર સંશોધન કરવાના, સમાન નિયમો પાળવાના જોરદાર પ્રયત્ન કરી રહ્યા છે. અનેક રાષ્ટ્રો, વૈજ્ઞાનિકો, રાજકારણીઓ એક સાથે એકત્ર થઈને વિચારણા કરીને પરિસ્થિતિ પર તાત્પુરતો તાબો મેળવી પણ શકશે. પરંતુ, જ્યાં સુધી માનવી મનની મૂળભૂત સમસ્યા સમજી શકશે નહીં ત્યાં સુધી એકત્ર થઈને, સાથે મળીને વિચાર થશે નહીં. બીજા રૂપોમાં સંકટો ઊભાં જ રહેશે.

એકત્ર થઈને વિચાર કરનાર મનની ગુણવત્તા વિશે કૃષ્ણમૂર્તિ કહે છે કે આ વાત મુશ્કેલ છે, પણ તેનો બીજો કોઈ પર્યાય નથી. ત્યારે એ સમજવું મહત્ત્વનું છે. અનેક વખત, અનેક પ્રકારે કૃષ્ણમૂર્તિ એકત્ર થઈને વિચાર કરી રહેલ, સુસંવાદ કરી રહેલ મન વિશે બોલ્યા છે. અહીં આપણને શું સમજાય છે, શું અશક્ય લાગે છે, એ સમજવું ખુબ અગત્યનું છે. જો 'મન'માં વિસંગતિ નહીં હોય તો 'હું'ની ભાવના વિરમી જાય છે, ચર્ચા, વાદ, વિતંડાવાદ ખતમ થઈ જાય છે. પૈસા, પ્રતિષ્ઠાને જગ્યા નથી. તેવા મન જ એકત્ર આવી શકે છે, સત્ય જોઈ શકે છે, બોલી શકે છે અને સાંભળી શકે છે.

આજે આ રોગચાળા જેવા વૈશ્વિક સંકટની વેળાએ સામાન્ય માનવી પણ જોઈ શક્યો છે કે આપણા બધાંનું હિત એકસાથે ગુંથાયેલું છે. આ કોઈ પરિકલ્પના નથી. આ સંકટ જતું રહેશે પણ તેમાંથી મળેલી દૃષ્ટિ – એટલે કે માણસ માણસ વચ્ચેનું અંતર, માણસ અને પ્રકૃતિ વચ્ચેનું અંતર એ ભ્રમ છે એ સમજ – જો જાગૃત રહેશે તો આવતી કાલનું વિશ્વ નિરાળું હશે.




## જગત્ ગુરુ : જે. કૃષ્ણમૂર્તિનું જીવન અને દર્શન

કૃષ્ણમૂર્તિના જીવન સાથે લાંબા સમય સુધી સંકળાયેલા, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન-અમેરિકા અને ઇંડિયાના ટ્રસ્ટી, માર્ક લી એ લખેલું, કૃષ્ણમૂર્તિનું જીવનચરિત્ર, નવી દિલ્હીના 'હે હાઉસ'દ્વારા આંતરરાષ્ટ્રીય આવૃત્તિ તરીકે પ્રગટ કરવામાં આવ્યું છે. અત્યંત સંક્ષિપ્તમાં અને સરળતાથી વાંચી શકાય તેવી આ આત્મકથા લખવાનો આશય તો એ જ કે ભારતની નવી પેઢી ૨૦ મી સદીના આ મહાન તત્વચિંતકને ઓળખી શકે. યોગાનુયોગે આ ગ્રંથનું પ્રકાશન ૨૦૧૯-૨૦૨૦ કૃષ્ણમૂર્તિની ૧૨૫ મી જન્મજયંતીએ થયું છે.

લેખક અને પ્રાધ્યાપક રવિ રવિન્દ્ર આ પુસ્તક વિશે કહે છેઃ 'આ પુસ્તકમાં જે. કૃષ્ણમૂર્તિના જીવન અને શિક્ષણનો નોંધપાત્ર, સંક્ષિપ્ત અને અદ્ભુત સારાંશ છે. માર્ક લી- કૃષ્ણમૂર્તિના સાન્નિધ્યમાં ઘણા દાયકાઓ રહી કાર્ય કરનાર આ લેખકે આ પુસ્તકને યુવા પેઢી સુધી સાંપ્રત ભાષામાં પહોંચાડવાનો યત્ન કર્યો છે. અલબત્ત, કૃષ્ણમૂર્તિની શીખને મૂળ શબ્દોમાં જાળવી રાખ્યું છે. કૃષ્ણમૂર્તિ અને તેમણે આપેલા અગાધ બોધ વિષે વાંચવું એ હંમેશા મનોવેધક અને પડકારજનક રહ્યું છે.'

કૃષ્ણમૂર્તિના જીવનને, પ્રવાસ અને વાર્તાલાપને રંગીન ચિત્રો સાથે નિરુપતા, ૨૦૪ પૃષ્ઠ ધરાવતા આ પુસ્તકની કિંમત ૩૫૦ રૂા. છે. તમામ અગ્રણી પુસ્તકવિક્રેતાઓ તથા વસંત વિહારના બુકસ્ટોલમાં આ ઉપલબ્ધ છે. આ વૃત્તપત્રિકામાં આ પુસ્તકમાંથી કેટલાંક અવતરણો આપવામાં આવ્યાં છે.

# તેઓ જેવું બોલ્યા તેવું જ જીવ્યા...

એક વ્યક્તિના જીવનની, ખાસ કરીને ખૂબ પ્રસિધ્ધ અને જાહેર જીવનની વ્યક્તિના જીવનની વાત કરવામાં ઘણીવાર એવું બનતું હોય છે કે તેના જાહેર અને અંગત જીવનના માપદંડ એકબીજા સાથે મળતા ન હોય અથવા એકમેકથી સંપૂર્ણ વિરુધ્ધ હોય. કૃષ્ણમૂર્તિ કહેતા કે તેઓ ખૂબ અંતર્મુખ, શરમાળ વ્યક્તિ હતા, છતાં તેમની જગત્ ગુરુ તરીકેની અને રોજિંદી જિંદગી વચ્ચે કોઇ તફાવત નહોતો, કોઇ વિરોધાભાસ નહોતો. તેઓ જેવું બોલ્યા તેવું જ જીવ્યા. તેમની આસપાસ રહેલા હજારો લોકો, જેમણે તેમની સાથે કાર્ય કર્યું છે, તેમના વાર્તાલાપોમાં ભાગ લીધો છે તેઓ આ વાતને પ્રમાણિત કરી શકે છે.

પોતાનાં તરુણ વર્ષોથી જીવનના અંત પર્યંત કૃષ્ણમૂર્તિ સંદર્ભો અનુસારનું નહીં, સાપેક્ષ નહીં, બલ્કિ નિરપેક્ષ (absolute), કેવલસત્ય પામવાની અને અન્યને પમાડવાની અનુભૂતિના વિશ્વમાં રહ્યા. તે સત્ય તેમનું પોતાનું નહીં, ધાર્મિક કે સાંપ્રદાયિક નહીં, અને પ્રાચીન કે અર્વાચીન પણ નહીં. પ્રશ્નો પૂછવાની પ્રક્રિયા અપનાવીને, શ્રોતાઓની સાથે રહીને માનવ વિચાર અને જીવનનું સત્ય તેમણે ઉજાગર કર્યું. તેમણે મનોવૈજ્ઞાનિક રીતે સતત એવી ખોજ કરી જેથી સામાન્ય માણસ, સામાન્ય જિંદગી જીવતી વ્યક્તિ પણ બદલાઇ શકે અને સંઘર્ષ રહિત બુધ્ધિપૂર્વકનું શાંતિપૂર્ણ જીવન જીવી શકે.

*વિશ્વનું સર્વાંગી પરિવર્તન કરવા માટે આપણે પોતાની જાતથી શરૂઆત કરવી જોઈએ; અને આપણા પોતાનાથી શરૂઆત કરવામાં જે મહત્ત્વનું છે તે છે ઉદ્દેશ કે ભાવ. ભાવ આપણી પોતાની જાતને સમજવાનો હોવો જોઈએ, અને એવો ભાવ ન હોવો જોઈએ કે અન્ય લોકો પોતાનામાં પરિવર્તન લાવે અથવા ડાબેરી કે જમણેરી ક્રાંતિ દ્વારા થોડા સુધારાઓ સાથેનો કોઈ ફેરફાર કરવામાં આવે. એ સમજવું મહત્ત્વનું છે કે આ આપણી - તમારી અને મારી - જવાબદારી છે કારણ કે, આપણે જે વિશ્વમાં રહેતા હોઈએ તે ભલે ગમે તેટલું નાનું હોય, પણ જો આપણે આપણી પોતાની જાતમાં સર્વાંગી પરિવર્તન લાવી શકીશું, આપણા રોજિંદા જીવનમાં ધરમૂળથી વિશિષ્ટ દષ્ટિકોણ લાવી શકીશું, તો કદાચ આપણે આ વિશાળ વિશ્વને, અન્યો સાથેના વિસ્તૃત સંબંધને અસર કરી શકીશું.* (મુક્ત જીવન)

તેમની સ્વતંત્ર, પુખ્ત વયની જિંદગીમાં તેઓ 'માનવમાત્રને કોઇપણ પૂર્વશરત વિના મુક્ત કરવાના' વિશિષ્ટ ધ્યેય કાજે કેવળ પોતાના અંતરાત્માના આદેશને અનુસરતા હતા - વિલક્ષણ, અસામાન્ય એવું આ ધ્યેય - માનસિક રીતે સાવ મુક્ત વ્યક્તિ જ આવા ધ્યેયનો વિચાર કરી શકે. પરિણામે, જાહેર વાર્તાલાપો, લખાણ, પ્રકાશન અને યુવાવર્ગને શિક્ષણ દ્વારા શીખ આપવાની તેમને પ્રેરણા મળી. તેમની પુખ્ત વયની સમગ્ર જિંદગી વર્ષોવર્ષ બની શકે તેટલા, વધુ ને વધુ લોકોને મળીને વાત કરવાનું એક કેન્દ્રીવર્તી આંદોલન બની રહી- તે વાતો યુધ્ધ, કુદરતી આફતો, રાજકીય કે સામાજીક અનિશ્ચિતતા,ખરાબ હવામાન કે અપૂરતા ફંડ વગેરે સંજોગો આવવા છતાં અવિરત ચાલુ રહી. ૬૮ વર્ષની બોધયાત્રામાં એ સંભવ છે કે નોંધાયેલા ઇતિહાસમાંની અન્ય કોઇ પણ વ્યક્તિ કરતાં વધુ લોકોસાથે તેમણે પ્રત્યક્ષ રીતે વાર્તાલાપ કર્યો હશે અને આમ એક દિવ્ય વક્રોક્તિએ તેમની જગત્ ગુરુ થવાની આગાહીને પૂર્ણ કરી.

તેમણે કહ્યું હતું કે તેમની શીખનો અને તેમના રક્ષણનો સ્રોત અત્યંત વિશિષ્ટપણે તેમના 'રિક્ત' મનમાં રહ્યો જેણે તેમને શિક્ષણ, અનુભવો, વિધિવિધાનો તથા ઉત્તેજીત કરી શકે તેવા રંગબેરંગી સમારોહથી અળગા રહેવા દીધા. તેમણે પોતાના આ ખાલી-નિઃશેષ મનની અવસ્થાએથી કોઇપણ પૂર્વતૈયારી કેલખાણ વગર, સમયના કે સ્થળના કોઇ સંદર્ભ વગર અને કોઇ ખાસ શ્રોતાઓના સમૂહ વિના વાતો કરી છે. તેમના શબ્દો કાલાતીત છે. તેઓ માત્ર અંગ્રેજીમાં બોલતા પણ તેમના શબ્દોનું મર્મ વૈશ્વિક હતું અને સુબોધ હતું.

આજની યુવાપેઢી ઘણા પ્રકારની આભાસી વાસ્તવિકતામાં (virtual reality) જીવે છે. એવા પ્રકારની સમજણ પ્રવર્તે છે જાણે કે કોઇ વસ્તુ અનુભવની બહાર નથી કારણકે અનુભવ હોવા એ જ વાસ્તવિકતાનું પ્રમાણ છે. પણ અનુભવ કરનાર વિશે ક્યારેય સવાલ પૂછવામાં આવતો નથી. અને કૃષ્ણમૂર્તિએ નિર્દેશ કર્યો છે કે જ્યાં સુધી આપણે એ ન સમજીએ કે અનુભવ કરનારનું મન બંધિયાર છે, સંકુચિત છે, કોઇ દ્વારા પ્રભાવિત અથવા પ્રેરાયેલું છે, ત્યાં સુધી આપણે અનુભવની પૂજા કરતા રહેશું અને જોઇશું પણ નહીં કે ખરેખર તે વાસ્તવિક નથી. તેમના શ્રોતા અને વાચકો તેમના બોધને અનુભવવાનો પ્રયત્ન કરે છે એ વાતની જયારે તેમને જાણ થઈ, ત્યારે એ જ સત્યને વધારે વિગતવાર ચર્ચવાનો પ્રયત્ન તેમણે કર્યો. સરળતાથી, કોઈ વિચાર વિના, 'સાંભળવું' એ જ સાચું સાંભળવું છે, કારણ કે આવી રીતે 'સાંભળવું એ જ સાચો ગુરુ હોય'.

★★★

મોટા ભાગના હોમો સેપિયન્સ્ (ઉત્ક્રાંત માનવીઓ) પ્રકૃતિથી, પ્રાકૃતિક વાતાવરણથી, જે અબજો વર્ષોથી જીવનની વિપુલ ક્ષમાશીલ અને વિવિધિ અભિવ્યક્તિને ટેકો આપે છે, તેનાથી આટલા અળગા શા માટે રહે છે? જ્યારે અખિલ સૃષ્ટિ આપણને સાદ પાડીને બોલાવતી હોય, ત્યારે આપણે શા માટે દુનિયા પ્રત્યેના અભિગમમાં આટલા પ્રાંતીય અને સંકુચિત રહીએ છીએ?

શા માટે આપણે આપણી બધી સંવેદનાઓને સંપૂર્ણ રીતે કાર્યરત રાખીને જીવવાને બદલે મુખ્યત્વે આપણા મસ્તકથી જ જીવીએ છીએ. માનવતાએ વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે, પોતાને ક્યારેય આવા સરળ પ્રશ્નો પૂછયા નથી, કે કટોકટી પછી કટોકટી આવતી હોવા છતાં પણ પોતાને આ બાબતોનો ગંભીરતાથી વિચાર કરવાની મંજૂરી આપી નથી.

પ્રશ્નકર્તા પોતાને પ્રશ્નથી અળગો રાખી એક અવિભાજ્ય વિભાગ અને અંતર ઊભું કરે છે. જેણે પોતેજ સમસ્યા ઊભી કરી છે એ મન પાસેથી જ માણસ નક્કર જવાબ શોધે છે.

અને પછી કૃષ્ણમૂર્તિનો પ્રવેશ થયો - એક માનવ જે કોઇ રાષ્ટ્રની, કોઇ ધર્મની, કોઇ માન્યતાની, અથવા કોઇ વિચારધારાની ઓળખ નહોતા. અતિશય પરંપરાગત બાળપણમાંથી નવા શતકના નવા અવાજ તરીકે તેમનો ઉદય થયો, જે તમામ પ્રકારનાં સાંસ્કૃતિક, ધાર્મિક અને માનસિક બંધનોને તોડવા ઇચ્છતા હતા. ક્રાંતિકારી, મૂર્તિપૂજાના વિરોધી, તારણહાર કે બળવાખોર જેવા કોઇ શબ્દો

એમના વિદ્રોહનાં ઊંડાણોને સમજાવવા પર્યાપ્ત નથી. તેઓ કોઇ નવા ધર્મની, સંપ્રદાયની કે કોઇ તત્ત્વજ્ઞાનની સ્થાપના કરવા નહોતા માગતા. તેમનો દાવો હતો કે એક તત્ક્ષણ સહજ, બિનશૈક્ષણિક, સંહિતા રહિત જાગૃતિ સઘળાં બંધનો તોડીને ચેતનાનું આમૂલ પરિવર્તન કરી શકે, જે માનસિક મુક્તિ ભણી દોરી જાય.

★★★

કૃષ્ણમૂર્તિએ સ્પષ્ટ કર્યું કે ધાર્મિક જીવનમાં કોઇ વિકાસ કે પ્રગતિ હોતા નથી. પ્રગતિ એ તો સમયનો ભ્રામક અને છેતરામણો હિસ્સો છે. પ્રગતિ જેવી, ઉત્ક્રાંતિ જેવી ખરેખર કોઇ વસ્તુ છે?

*હું જાણું છું કે પ્રોદ્યોગિક પ્રગતિ વધુ સારાં મશીનોની ઉત્ક્રાંતિ વગેરે બધું છે, પણ તમે અને હું વિકસિત થઇએ છીએ? કઇ વસ્તુઓ છે જેની ઉત્ક્રાંતિ થાય છે અને તે કઇ દિશામાં? અજ્ઞાન કદી શાણપણમાં અને લોભ કદી અલોભમાં પરિવર્તિત થઇ શકે નહીં. લોભ એ હંમેશા લોભ જ રહે, ભલે એનો વ્યાપ વધે. સમય જતાં અજ્ઞાનતા કદી ડહાપણ બને નહીં. જ્ઞાનને પ્રગટવા માટે અજ્ઞાનનો અંત જરુરી છે; જે લોભ નથી તેના પ્રાગટ્ય માટે લોભનો અંત જરુરી છે. એટલે તમે જ્યારે ઉત્ક્રાંતિની, પ્રગતિની વાત કરો છો, ત્યારે તમારો અર્થ છે કંઇક બનવું. તમે આ છો અને તમે તે બનશો; તમે કલાર્ક છો અને મેનેજર બનશો; તમે પાદરી છો અને બિશપ બનશો; તમે ગરીબ છો અને શ્રીમંત બનશો; તમે દુષ્ટ છો પણ આખરે ભલા બનશો.*

*આ બનવાની વાત જેને તમે પ્રગતિ કહો છો, ઉત્ક્રાંતિ કહો છો, તે માત્ર જે છે તેમાં સુધારણાની દિશામાં એક સાતત્ય છે. બનવું એ જે છે તેનું સુધારેલું સ્વરૂપ છે, અને એટલે તમે જેને પ્રગતિ કહો છો તેમાં મૂળભુત પરિવર્તન થઇ શકે નહીં.* (મુંબઈ ૧૯૪૮, જાહેર વર્તાલાપ)

અસીમ ધીરતાથી કૃષ્ણમૂર્તિએ મુસાફરીઓ કરી અને અપાર કરુણાથી ઘણાં સ્થળોએ શ્રેષ્ઠ વિદ્વાનો, સાધુઓ, અને પ્રતિભાશાળી લોકો સાથેના સંવાદમાં એક જ ભાષામાં એક મૂળભૂત સત્ય ઉચ્ચાર્યું: જ્યાં અહમ્ છે ત્યાં મુક્તિ નથી.

તેઓ ખૂબ સરળતાથી, કોઇ વિશિષ્ટ કે બુધ્ધિશાળી ભાષાંતર વગર બોલ્યા, અને આ શબ્દોમાંનું સત્ય મનને જકડી લે છે અને આગળના વિચારો અટકાવે છે. આ પ્રબૃધ્ધ શિક્ષણ છે. સંસ્કૃત શબ્દ સ્ફોટનું શબ્દશઃ પ્રદર્શન – શબ્દોનો અનુક્રમ કે અર્થ નહીં, કેવળ અંતદૃષ્ટિ મહત્ત્વની.

કૃષ્ણમૂર્તિ વારંવાર કહેતા, શબ્દ એ વસ્તુ નથી, શબ્દનું મહત્ત્વ નથી, બોધ પુસ્તકોમાં નથી.

આ ભેદી શબ્દો પ્રશ્ન જગાડે છેઃ જો શબ્દનું મહત્ત્વ નથી તો પાંસઠ ઉપર વર્ષો સુધી આટલા લાખો શબ્દો તેમણે શા માટે ઉચ્ચાર્યા? શબ્દોએ બીજું કંઇ નથી, પણ આપણી વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતો અરીસો છે, જેનાથી આપણે શીખી શકીએ. એ શીખતું મન છે જે શબ્દોનો ઉપયોગ શંકા કરવા, પ્રશ્નો પૂછવા માટે કરે છે, સત્ય શું છે તેની ખોજ કરવા માટે કરે છે, નહીં કે સત્યને સમજાવવા માટે.

કૃષ્ણમૂર્તિ શું સંદેશ આપવા માગતા હતા? તેમણે કહ્યું કે કોઇ પણ વસ્તુના સત્યનો સામનો એક વિસ્ફોટ, એક અંતદૃષ્ટિ હોઇ શકે; એટલે કે સમય, સંદર્ભ અને વિચારોની કોઇ હિલચાલ વગરની સમજણ. કૃષ્ણમૂર્તિનો બોધ સમજવો તે મહત્ત્વનું નથી, મહત્ત્વનું છે સ્વયમને જાણવાનું, સત્યને જાણવાનું.

*સ્વયમ્ ને ઓળખ્યા વિના સમજણ પ્રગટતી નથી; પોતાની જાતને ઓળખવી એટલે તેના વિશેનું જ્ઞાન વધારવું એમ નહીં, માહિતિનો સંચય શિક્ષણને અવરોધે છે. શીખવું એ ઉમેરણની પ્રક્રિયા નથી; શીખવું એ પળે પળ છે, તેમજ સમજણ પળે પળ છે.. શીખવાની આ સમગ્ર પ્રક્રિયા એ ધ્યાન મહીંનો વિસ્ફોટ છે.* (Krishnamurti's Notebook – વાસરિકા))

★★★

જીવનમાં કેટલાંક રહસ્યો છે જેના વિષે કૃષ્ણમૂર્તિએ નિર્દેશ કર્યો છે પણ તેને સમજવા માટે કોઇ સલાહ કે માર્ગદર્શન આપ્યું નથી. આ રીતે તેમનું જ્ઞાન ગૂઢ છે, ગોપિત છે, તરત જોઇ કે સમજી શકાય એવું સ્પષ્ટ, ઉઘાડું નથી; તેને પ્રગટ કરવા અને તેનો અર્થ ઉજાગર કરવા અવધાન જોઇએ, રહસ્યવાદીનું મન જોઇએ. ખરા ગ્રીક અર્થમાં – જે મનમાં છૂપાયેલી છબી કે છાપ અને વિચારને પ્રત્યક્ષ જોઇ શકે અને સમજી શકે. આ સમજ એ જ કાર્ય.

એક રહસ્ય જેને કોઇ ખુલાસાની જરૂર નહોતી એ હતું તે વ્યક્તિ કૃષ્ણમૂર્તિમાંથી પ્રગટતો ધોધમાર ઉર્જાનો સૂક્ષ્મ પ્રવાહ. તેમની ઉપસ્થિતિમાં તેમના ભૌતિક અસ્તિત્વમાંથી ફેલાતો શાંતિનો અહેસાસ. ચેતના કદાચ તેની નોંધ ન લે, પણ વ્યક્તિ પોતાને વધુ જાગૃત, વિચારણામાં સ્પષ્ટ અને વધુ લાગણીશીલ કે સંવેદનશીલ અનુભવે. એકવાર મેં તેમને પૂછ્યું કે શું પવિત્રતા એ કોઈ વ્યક્તિ, કુદરત કે સ્થળમાં રહેલ ખરેખર હોય તેવો, વાસ્તવિક અને જાણી શકાય તેવો ગુણ છે કે? ખરેખર તો મારો આ પ્રશ્ન તેમને, એટલે કે કૃષ્ણમૂર્તિને, મનમાં રાખીને જ હતો, પણ હું શબ્દોમાં તેને સીધેસીધો ઉતારી ન શક્યો. મને ઉત્તર આપતા કૃષ્ણમૂર્તિ બોલ્યા કે ખરી રીતે તો પવિત્રતા બધે જ છે, પવિત્ર અને પૂજ્ય એક જ છે, જ્યારે આપણામાંથી 'હું પણું', આપણો 'અહમ્' વિરમી જાય છે, ત્યારે જ તે પ્રગટે છે. તેમણે જવાબ આપ્યો કે આપણી આસપાસ તે ખરેખર બધે જ છે, મૂળભૂત રીતે જે ધાર્મિક કે પવિત્ર વસ્તુઓ છે તે આપણી પાસે ત્યારે જ આવે છે જ્યારે આપણે આપણી જાતને આપણા અહંકારને ભૂલી જઇએ. હું નિઃશબ્દ થઇ ગયો, છતાં જોઇ શક્યો કે તે પળે પેલે પારનું વિશાળ જગત દૂર હોવા છતાં ખૂબ નજીક હતું. કૃષ્ણમૂર્તિએ જીવનભર આ વાત કરી અને આશા રાખી કે કમ સે કમ થોડા લોકો તો તે જોઇ શકે.વ્યક્તિએ પોતાની જાત સિવાય શેનોય અભ્યાસ કરવાનો નથી, કશું વાંચવાનું નથી, કોઇને પૂછવાનું નથી, અને શાંતિથી પોતાની ભીતર જવાનું છે, બીજે ક્યાંય નહીં...

★★★

૪ જાન્યુઆરી ૧૯૮૬ના વસંતવિહાર ખાતે તેમનો અંતિમ વાર્તાલાપ મૃત્યુ અને નવસર્જનની વાતથી પૂર્ણ થયો હતો. એક પ્રચંડ ઊર્જા, અમાપ શક્તિ જે તેમણે ૬૦ થી પણ વધુ વર્ષો આપી હતી તે ઝાંખી પડી રહી હતી, જો કે હજી શારીરિક તેજ જળવાયું હતું. થોડી ફીકાશ અને ઝીણા તાવ સાથે તે મદ્રાસથી કેલિફોર્નિયા પહોચ્યા. હું તેમને લોસ-એન્જિલીસ એરપોર્ટ પર મળ્યો. તેઓ વ્હીલચેરમાં બેસીને આવ્યા અને માફી માગતા બોલ્યા, ''હું વહેલો પાછો આવી ગયો અને તમને તકલીફમાં મૂક્યા છે તે બદલ હું માફી માંગુ છું.'' હું ભાવવિભોર થઇ ગયો. હંમેશના માયાળુ, વિનયશીલ અતિથિ ઘરે આવ્યા હતા.

પાઇન કોટેજમાં, મરીના વૃક્ષની આસપાસના સંતરાની વૃક્ષવાટિકાની વચ્ચે રહેલી તેમની શ્વેત કુટિરમાં પૈન્ક્રીઍટીક -સ્વાદ પિંડુના કેન્સરના દર્દ સાથે પછીના છ સપ્તાહ તેમણે વિતાવ્યા. ભારત, ઇંગ્લેંડ તથા કેનેડાથી તેમના મિત્રો તેમને મળવા, વિદાય આપવા અને તેમના ઉત્સાહી અવાજમાં પાયામાં રહી, સાથે મળી કામ કરવાના, સતત સાવધ રહેવાના અને કોઇ આયાસ નહીં કરવાના સંકલ્પને સાંભળવા આવી પહોંચ્યા.

છેલ્લા દસ વર્ષથી 'હું' જતો રહીશ પછી તમે શું કરવાના છો? આવું પૂછીને કૃષ્ણમૂર્તિએ અમને તૈયાર કરી દીધા હતા. જ્યારે આ પ્રશ્નની ગહનતા અને ઉંડાણને હું સમજ્યો કે તેઓ પરંપરાગત રૂદન અને દુ:ખના પ્રતિભાવને બદલે કાર્યને સૂચવતા હતા, ત્યારે મેં ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૬ ના પછીના કલાકોમાં ધ્યાનથી એની પ્રતિક્રિયા આપી.

કૃષ્ણમૂર્તિ - એક વ્યક્તિ, કૃષ્ણમૂર્તિ - એક 'અસાધારણ ઘટના'એ આ જગતમાંથી વિદાય લીધી. તેઓ તેમની શીખને જીવી ગયા. તેમણે આપેલી શીખ અને તેમના જીવન વચ્ચે કોઇ જ અંતર નહોતું. તેઓ કહેતા, 'શીખ કે બોધ જેવું કાંઇ નથી, માત્ર જિંદગી જ છે', તે બોધ અને જીવનની મહેક આજે પણ પ્રસરી રહી છે. શીખની ખોજ માટે તેઓ દીર્ઘકાળ પર્યન્ત મઠ્યા અને 'સાંભળવા માટે તત્પર' એવા સહુ કોઇને તે આપવા માટે જિંદગી અર્પણ કરી દીધી. તેમની ચેતનાએ અગણિત શ્રોતાઓ અને વાચકોને સહજપણે અને કૃષ્ણમૂર્તિના પોતાના કોઈ સહેતુક પ્રયત્ન વિના સહાય કરી છે કારણ કે તેમને પરિણામની ખોજ ન હતી. તેમની હાજરી માત્ર સહાય હતી. એ ચેતના આજે પણ જીવંત છે.

*World Teacher -*
*The Life and Teachings of J. Krishnamurti*

## ભાવપૂર્વક આદરાંજલિ!

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાના મુંબઈ કેન્દ્રના ભૂતપૂર્વ સેક્રેટરી અને કૃષ્ણમૂર્તિની જીવનદૃષ્ટિના ચિંતનશીલ અભ્યાસક એવા શ્રીમતી સિલુ બિલિમોરિયા ૯૭ વર્ષની ઉંમરે ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ વૃદ્ધાવસ્થાના કારણે અવસાન પામ્યાં.

કૃષ્ણમૂર્તિની શીખ અન્ય લોકોસુધી પહોંચે તે માટે તેઓ સતત કાર્યશીલ રહેલાં. મુંબઈ કેન્દ્રના કાર્યક્રમોમાં તેમનો સક્રિય સહભાગ હોય જ. આખા વિશ્વના એકેક કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન કેન્દ્રોમાં ચાલી રહેલ કાર્યક્રમોમાં તેમને અતિશય આસ્થા હતી.

'બાલઆનંદ' માટે સિલુબહેને આપેલું યોગદાન અવિસ્મરણીય છે જ. ત્યા આવતાં બાળકોની અંગ્રેજી ભાષાની સમજ સુધારવા સિલુબહેને વર્ષાનુવર્ષ અદ્ભુત મહેનત કરેલ. આજે પણ 'બાલઆનંદ'ના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે.

શ્રીમતી સિલુબહેનને 'અંતરમેળ'ની ભાવપૂર્વક આદરાંજલિ!

અત્યારની અનિશ્ચિત પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં એવું લાગે છે કે નવેમ્બર ૨૦૨૦માં સહ્યાદ્રી અધ્યયન કેન્દ્રમાં આયોજીત કરાયેલું KFIનું વાર્ષિક સંમેલન આ વર્ષે લગભગ ભરાઈ શકશે નહીં. આગામી કાર્યક્રમો, પ્રકાશનો વગેરેની માહિતી ફાઉન્ડેશનની વેબસાઈટ www.kfionline.org પર વખતોવખત જાહેર કરવામાં આવશે.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા, વસંત વિહાર,** ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ :** ધી સ્ટડી વેલી સ્કૂલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩ • Email : kifistudy@gmail.com • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩
Email : studycentre@rajghatbesantschool.org • Website : www.rajghatbesantschool.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર :** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# વાર્ષિક સંમેલન ૨૦૧૯ : ઓળખ, હિંસા અને પરિવર્તન



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાનું વાર્ષિક સંમેલન નવેમ્બર મહિનામાં ઋષી વેલી ખાતે યોજવામાં આવ્યું હતું. 'ઓળખ, હિંસા અને પરિવર્તન'ના વિષય પર ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રાધ્યાપક સૅમડાઁગ રિમ્પોચે, ડૉ. શૈલેષ શિરાલી તથા પ્રાધ્યાપક પી. કૃષ્ણાએ ભાગ લેનાર શ્રોતાસમૂહ સાથે આ સંકુલ વિષયના અનેક પાસાંની છણાવટ કરી. વિષયવસ્તુ સાથે સંબંધિત ભવિષ્યદર્શી શોધયાત્રાના કૃષ્ણજીના કેટલાક વિડિઓ દર્શાવવામાં આવ્યા જે ખૂબ સુસંગત હતા, તે આ કાર્યક્રમની પાર્શ્વભૂ બની રહી.

પ્રાધ્યાપક સૅમડાઁગ રિમ્પોચેએ તેની શરૂઆતના સંબોધનમાં દર્શાવ્યું કે સર્વવ્યાપક હિંસાની - એક વેળાએ બે રાજાઓ વચ્ચે ક્યારેક યુધ્ધ લડાતું- સમાજના વણાટ પર કેટલી ઊંડી અસર પડી છે. તેની આર્થિક અને રાજનૈતિક ગતિવિધિ, તેના નિયમન માટેના વિચારોમાં વ્યક્તિ પોતાને વીંટળાઇ ગયેલો અનુભવે છે. આ વસ્તુને માળખાકીય હિંસા ગણાવીને તેમણે સૂચવ્યું કે વ્યક્તિએ પોતે આ હિંસક લાગણીઓથી પોતાને મુક્ત કરવાની જરૂર છે. સાથે સાથે સમાજમાં હિંસા ફેલાવતા દોરાને ઉકેલી નાખવાની જવાબદારી પણ તેની જ છે.

ડૉ. શિરાલીએ ૨૦મી અને ૨૧મી સદીની હિંસાઓ પર વાત કરી. નરસંહાર, પ્રકૃતિ સામેની હિંસા, રાજ્ય દ્વારા આચરવામાં આવતી ક્રુરતા, ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા આચરવામાં આવતી ગુંડાગીરી અને કનડગતની વાત કરી. તેમણે સૂચવ્યું કે હિંસા એ 'નિશ્ચિત ઓળખ'ના મુદ્દા પર આધારિત હોય છે. હકીકત એ છે કે વૈયક્તિક ઓળખ વિવિધ પ્રકારની ઓળખ ભેગી મળીને બનેલી હોય છે. એક જ ઓળખ સાથેનું જોડાણ અનેક ઓળખને આવરી લે છે અને તે હિંસા તરફ દોરી જાય છે. બીજી બાજુ, ઓળખાણના કૃત્યોને એક વિશાળ જાગરૂકતામાં જોઇ શકાય છે.

પ્રા. ક્રિષ્નાએ ઓળખને સહજ, નૈસર્ગિક, પ્રકૃતિદત્ત દર્શાવી અને કાર્યાત્મક ઓળખ તરીકે તેની વ્યાખ્યા આપી. પરંતુ આ કાર્યાત્મક ઓળખ જ્યારે વિચાર અને વસ્તુ સાથે જોડાઇ જાય છે ત્યારે તેની દિશા બદલાઇ જાય છે, અને ત્યારે જવાબદારીની ભાવના લુપ્ત થઇ જાય છે.

ત્રણ દિવસના કાર્યક્રમનું અવલોકન કરતા પ્રા. મીનાક્ષી થાપને ઓળખ અને હિંસાની સંકલ્પનાનું પાંડિત્યપૂર્ણ વિવરણ કર્યું. તેમણે પરિવર્તન શબ્દની સંકલ્પનાને મુખ્યત્વે શિક્ષણના સંદર્ભમાં તપાસી, કે જ્યાં 'એક રાષ્ટ્ર તરફ નિષ્ઠા અને દેશભક્તિ' શાલાકિય શિક્ષણનો એક જરૂરી હિસ્સો બને છે.

સંમેલનનું સમાપન કરતાં તેમણે એક મર્મભેદક સવાલ કર્યો કે સાંપ્રત સમાજમાં જે બની રહ્યું છે તે આપણે નાના બાળકો, શાળા, શિક્ષણ, અને ચેતનામાં આમૂલ પરિવર્તન આ વિષયોના સંવાદોમાંથી જુદી રીતે સમજી શકીએ કે?

આ જે સંકટ આપણી સામે આવીને ઊભું છે તેના વિશે શું તમે અને વક્તા સાથે મળીને વિચાર કરી શકો? એક એવું સંકટ કે જે આર્થિક, રાજકીય, કે સામાજિક નથી - એ બધું તો બહારનું છે. આ સંકટ તો આપણાં દરેકની અંદર છે. સંકટ આપણી ચેતનામાં છે, આપણા માનસમાં છે, આપણા હૈયામાં-અંતરમાં છે. અને એટલે જ, શું આપણે એ સંકટનું અવલોકન કરી, સાથે મળીને તેનો ઉકેલ કાઢી શકીશું? તમે મારા વાક્યને સમજો, જેથી આપણે સાથે મળીને સંકટ વિશે વિચાર કરી શકીએ...

આપણે બન્ને સંકટને આપણા માનસમાં. આપણી ચેતનામાં, આપણાં હૈયામાં જોઈ શકીએ છીએ, અને સાથે મળીને તેના વિશે વાત કરીએ?... વક્તા એ રીતે વાત કરશે કે તમે વક્તા જોડે એકલા છો. આપણે આ રમણીય ઉપવનમાં સંગાથે બેઠાં છીએ, અને પછી જોઈએ કે શું આપણે આ સમસ્યાનો ઉકેલ કાઢી શકીએ? સમસ્યાના આખરી ઉકેલમાં નહીં, કેટલાંક દિવસોમાં એ પણ નહીં, પણ સાથે મળીને વાત કરવાની પ્રક્રિયામાં જ સમસ્યાનો ઉકેલ રહેલો છે... આ વાત તમને સમજાય છે?


ઓહાય ૧૯૮૦, પ્રથમ જાહેર વાર્તાલાપ

## પ્રદર્શન : રાજઘાટ, વારાણસી













વસંત વિહાર, ચેન્નઈ

## એક અનુભવાત્મક પ્રદર્શન

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા ૨૦૧૯-૨૦૨૦ના વર્ષને જે.કૃષ્ણમૂર્તિની ૧૨૫મી જન્મજયંતી તરીકે ઉજવી રહ્યું છે. તેમનો જન્મ ૧૧મી મે ૧૮૯૫ માં અને દેહવિલય ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૬ માં થયો હતો. આ ઉજવણીનો ઉદ્દેશ કૃષ્ણમૂર્તિ અને તેમના શિક્ષણને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે, જેમણે કદાચ તેમના વિશે કશું સાભળ્યું પણ નહીં હોય.

આ સ્મૃતિ-સમારંભનો કેંદ્રબિંદૂ હતો એક દશ્ય-શ્રાવ્ય પ્રદર્શન જેનું શીર્ષક હતું 'The First step is the Last step' - પહેલુ પગલું એ જ (શાશ્વત સત્ય સુધી લઈ જનાર) અંતિમ પગલું છે. આ પંક્તિને તેમના જ એક પુસ્તકના શીર્ષક પરથી લેવામાં આવી હતી. સત્યનું ભાન એ કાલાતીત હોવાથી તે મનની જાગરૂક અવસ્થામાં જ થાય છે, આ કૃષ્ણમૂર્તિની જીવનદષ્ટિનું હાર્દ છે.

૧ થી ૮ ફેબ્રુઆરી દરમ્યાન વસંત વિહારનું વૃક્ષોથી આચ્છાદિત પરિસર કૃષ્ણમૂર્તિની સાંપ્રત અને છતાં કાલાતીત શીખના સ્થાનમાં પરિવર્તિત થઇ ગયું હતું. ડ્રાઇવ વે લૉન નીચેનો સભાખંડ બન્ને બાજુની નિસરણી તથા ઝરૂખા, અભ્યાસ ખંડ અને તેની બહારના વરંડામાં ભરાયેલા પ્રદર્શનમાં કૃષ્ણમૂર્તિના જીવન ઉપરાંત માનવસંબંધો, હિંસા, ભય, પ્રેમ, મૃત્યુ, પ્રકૃતિ, શિક્ષણ અને ધર્મ વિષયક વિચારો પ્રદર્શિત થયા હતા. આખા દિવસ દરમ્યાન વિશાળ બદામના વૃક્ષની ટોચ પર લગાવેલા સ્પીકર પરથી કૃષ્ણમૂર્તિનો અવાજ સંભળાતો હતો, જેમાં વિવિધ સમયે તેમણે આપેલા વાર્તાલાપના થોડા અંશો હતા. કૃષ્ણમૂર્તિના વાર્તાલાપને હેડફોન દ્વારા સાંભળવાની અલગ જગ્યા અને પુસ્તકોની દુકાન એ આ પ્રદર્શનના અલગ અંશ હતા. આ પ્રદર્શન પાછળથી વારાણસીની રાજઘાટ બેસન્ટ સ્કૂલમાં તથા બેંગલોરની વેલી સ્કૂલમાં મોકલવામાં આવ્યા.

આ પ્રદર્શનની સાથે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા (KFI) ના સાતત્યપૂર્ણ સંવાદના અન્વયે વાર્ષિક પ્રવચન યોજાયું હતું. વક્તા હતા એસ. પી. કંદાસ્વામી, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના સેક્રેટરી અને વિષય હતો, 'કૃષ્ણમૂર્તિની શીખ સાથેની મારી યાત્રા'.



વેલી સ્કૂલ, બેંગલોર

તો આપણે સાથે મળીને આપણી ચેતનાની સામગ્રીમાં આમૂલ પરિવર્તન લાવવાની શક્યતા વિષે વાત કરી રહ્યાં છીએ, ખરું જોતાં તો કાળજીપૂર્વકની તપાસ કરી રહ્યાં છીએ. આપણે એકબીજા સાથે મળીને આ તપાસી રહ્યાં છીએ.

જયારે હું કહું છું 'સાથે મળીને', ત્યારે મારો અર્થ છે 'એકબીજાની સાથોસાથ કે સંગાથે'. હું વક્તાની જેમ બોલું અને તમે માત્ર મને સાંભળતા રહો, સંમત કે અસંમત થાવ, સ્વીકારો કે નકારો એવું નહીં; પરંતુ વક્તા અને તમે એકબીજા સાથે મળીને સુસંગઠિતપણે કાળજીપૂર્વકની તપાસ અને શોધ કરી રહ્યાં છીએ, નિરીક્ષણ અને પરીક્ષણ કરી રહ્યાં છીએ, આ સમગ્ર માનવ અસ્તિત્વ કે જે આપણી ચેતના છે તેની મહીં સાથે મળીને મુસાફરી કરી રહ્યાં છીએ.

મદ્રાસ ૧૯૭૬, ચોથો વાર્તાલાપ


વસંત વિહાર, ચેન્નઈ





# યોગ્ય વ્યવસાયની શોધ - એક વાર્તાલાપ

૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ : ફાધર લૅન્સી પ્રભુએ S.I.E.S. કૉલેજ, સાયનના તત્ત્વજ્ઞાનના વરિષ્ઠ વિદ્યાર્થીઓ સાથે એક વાર્તાલાપ ગોઠવ્યો હતો. વિષય હતો, 'યોગ્ય વ્યવસાયની શોધ'. સત્રનું ઉદ્‌ઘાટન કરતા તેમણે કૃષ્ણમૂર્તિ અને તેમના શિક્ષણનો પરિચય આપ્યો, જે મુખ્ય વિષયની પાર્શ્વભૂમિકા બની રહ્યો. તેમણે જણાવ્યું કે કૃષ્ણમૂર્તિએ માનવજાતની ચેતના પર જે રીતે અસર કરી છે તે કેવી રીતે અનન્ય છે.

વિશ્વની વર્તમાન સ્થિતિ વિશે બોલતાં તેમણે જણાવ્યું કે બાહ્ય સુધારાઓ વ્યર્થ છે, કારણ કે માણસનું અંતરમન એ જ પ્રકારની સમાજ વ્યવસ્થાનું નિર્માણ ફરીફરી કરશે. તેઓએ નિર્દેશ કર્યો કે શિક્ષણની વર્તમાન વ્યવસ્થા જે રીતે પરીક્ષા-ક્રમાંક અને માહિતી પર ભાર આપી રહી છે તે નવી પેઢીને વિવિધ ઉદ્યોગો માટે જ તૈયાર કરી રહી છે. તેમણે એ કહ્યું કે વિદ્યાર્થીઓએ પોતાની જાતને સમજવાનું મહત્ત્વ અધિક છે જે માટે એ જરૂરી છે કે તે સ્વયંને કોઇપણ જાતના મનોવૈજ્ઞાનિક દબાણ કે બાળપણની સમસ્યાઓથી મુક્ત અનુભવી શકે.

ફાધર પ્રભુએ વિદ્યાર્થીઓને કહ્યું કે કૃષ્ણમૂર્તિ માનવીના આંતરિક સત્ત્વના ઉઘાડ પરત્વે જાગરૂક હતા. તેમણે ચોક્કસપણે યોગ્ય આજીવિકા અને શિક્ષણમાં શ્રેષ્ઠતા માટેના પ્રયત્નોને મહત્ત્વ આપ્યું હતું, પણ તે તુલના અને સ્પર્ધાની રીતે નહીં, અને ભ્રષ્ટ સમાજમાં ગોઠવાઇ જવા માટે નહીં.

ફાધર પ્રભુએ વિદ્યાર્થીઓને કહ્યું કે કૃષ્ણમૂર્તિ પૂર્વના કે પશ્ચિમના નહોતા, કોઇ જાતિ, કોઇ રાષ્ટ્રીયતા કે કોઇ વિચારધારાના ન હતા, અને કૃષ્ણમૂર્તિએ તે દર્શાવ્યું છે કે આવી ચોક્કસ ઓળખ જ તમને અચૂકપણે ભાગલા અને સંઘર્ષ તરફ દોરી જાય છે. આપણે તો બીજા માનવોની જેમ જ ભય, ચિંતા, દુઃખ, આનંદ અનુભવતા અને તેમાંથી પસાર થતા સાદા, સરળ માણસો છીએ. શબ્દના મૂળ અર્થમાં કહું તો આપણે વ્યક્તિ છીએ જે અભિન્ન છે, અવિભાજ્ય છે, સંપૂર્ણ છે, ખંડિત નથી, તેમ જ જે મૂળભૂત રીતે અન્ય કોઈથી વિશિષ્ટ નથી.

કૃષ્ણમૂર્તિના આમૂલ પરિવર્તન અંગેના વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબમાં ફાધર પ્રભુએ શબ્દોની મર્યાદા દર્શાવી, કઇ રીતે વર્ણન એ વર્ણવાતી વસ્તુ નથી તે સમજાવ્યું. તેમણે કહ્યું કે કૃષ્ણમૂર્તિ સંસ્કારબદ્ધતાની મર્યાદાને સમજી શકતા હતા, જોઇ શકતા હતા. જે આપણે નથી જોઇ શકતા. આપણી સંસ્કારબદ્ધતા અનિવાર્યપણે આપણને અલગતાની ભાવના તરફ, વૈયક્તિકતા તરફ દોરી જાય છે અને પરિણામે સંઘર્ષ જન્મે છે. તમણે કહ્યું કે આમૂલ પરિવર્તન માટેનું સત્ત્વ પ્રત્યેક માનવમાં રહેલું છે.

ફાધર પ્રભુએ જણાવ્યું કે સામાન્ય રીતે વ્યવસાયની પસંદગી પૈસા કે વળતર જેવા બાહ્ય કારણોને આધારે થતી હોય છે. જ્યારે તેમાં તુલના આવે છે, ત્યારે તે વિનાશક બને છે. તે હતાશા અને બીજું કેટલુંય તાણી લાવે છે. કૃષ્ણમૂર્તિ હંમેશાં વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યેના પ્રેમની વાત કરતા. તમે જ્યારે આંતરિક મૂલ્યો માટે, નહીં કે બાહ્ય વિચારણા માટે, કાર્ય કરી રહ્યા હો, ત્યારે સમય ખૂબ ઝડપથી પસાર થાય છે. તેમાં સહજતા અને સર્જકતાનો સુમેળ રચાતો હોય છે.

વ્યક્તિ પોતાની ઓળખ ભૂલી જતી હોય છે. તમે તમારા કાર્યમાં ખૂબ ઉંડાણ અને ઉંચાઇ પ્રાપ્ત કરી શકો છો. તમારી પાસે



અસાધારણ શક્તિ છે, ત્યારે જ એવી શક્યતા છે કે તમે તમારો વ્યવસાય શોધી શકો, જે તમારી જિંદગીનો સાદ હોય. તમારું સત્ત્વ કુદરતી રીતે જ ખૂલવા લાગશે.

ફાધર પ્રભુએ સમજાવ્યું કે જ્યારે તમને કોઇ વસ્તુ પ્રત્યે લગાવ હોય, કશુંક કરવાનું જોશ હોય, ત્યારે તે તમારી અંદર સામર્થ્ય પ્રગટાવશે. તમે બધી મુશ્કેલીઓ ઉઠાવવા તત્પર હશો, બધી જ હાડમારી સહન કરવા તૈયાર થઇ જાવ છો. કૃષ્ણમૂર્તિએ કહ્યું છે. તમે શું કરવા ચાહો છો એ તમે જ્યારે શોધી શકશો, ત્યારે તમે આ વિશ્વમાં કોઇપણ સંઘર્ષ વિના જીવી શકશો.

ફાધર પ્રભુએ આગળ જણાવ્યું કે બહુ થોડા લોકો અંતરનો સાદ સાંભળી શકે છે. તેમનો મુખ્ય હેતુ તો શિક્ષણ મેળવીને આર્થિક સુરક્ષા અને સલામતી પ્રાપ્ત કરવાનો હોય છે. માતાપિતાનું પણ આ બાબતમાં ખૂબ દબાણ હોય છે. ફાધર પ્રભુએ વિદ્યાર્થીઓને તેમના રસનો સ્રોત તપાસવા કહ્યું, કે શું તે સમાજ અને પરિસ્થિતિઓના દબાણમાંથી આવે છે અથવા તે તેમના સ્વાર્થી વલણમાંથી જન્મ્યો છે અથવા તે તેમના સાચા સ્વભાવમાંથી જ પ્રગટયો છે. તેમણે કહ્યું કે બહુ ઓછા લોકો જીવનના આ સાદને સાંભળી શકે છે.

ફાધર પ્રભુએ નિર્દેશ કર્યો કે તમે જ્યારે આર્થિક સલામતીની પ્રબળ ભાવનાથી ઘેરાઇ ગયા હો, ત્યારે તમે એવું કામ કરવા પણ મજબૂર બની જાવ છો. જે તમારી પસંદગીનું નથી હોતું અને પછી તમે ''સામાન્ય' બનીને રહી જાવ છો. પછી તમે કેવળ બાહ્ય વસ્તુઓ, જેવી કે પૈસા, મિલકત, સત્તા, આબરૂ, પ્રસિધ્ધિ, કીર્તિ અને ''કંઇક બનવા' ના ચક્રમાં પકડાઇ જાવ છો. ''કહેવાતી સફળતા'ની આ સંસ્કૃતિ તેમ જ સમાજવ્યવસ્થા માનસિક રીતે તૂટી ગયેલી યુવા પેઢીને પેદા કરે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે સફળતાની પુનર્વ્યાખ્યા કરવી જોઇએ.

ફાધર પ્રભુએ વનસ્પતિશાસ્ત્રમાંની રમતની (Sport in Plants) સંજ્ઞાનુ રૂપક આપીને સમજાવ્યું કે તમે જ્યારે બગીચામાં કાંઇ વિશિષ્ટ વસ્તુ જુઓ છો, કોઇ મૂળ છોડ કરતાં સાવ જુદી જાતની કૂંપણ નિહાળો છો. માળી એ જુએ છે, એ નવી, અલગ, અનપેક્ષિત કૂંપળની માવજત કરે છે. કૃષ્ણમૂર્તિ દર્શાવે છે કે સત્ય અણધારી રીતે, તમારા સાચા અસ્તિત્વને, વ્યક્તિત્વને પ્રગટ કરે છે અને તમે કશુંક આશ્ચર્યજનક, સર્જન કરવા તત્પર થઇ જાવ છો. તમને તરસ પડે છે એ વસ્તુમાં તમે ઓતપ્રોત થઇ જાવ છો અને બાહ્ય વસ્તુઓ પ્રત્યેનું ઝનૂન સ્વીકારતા નથી.

કેટલાક વિદ્યાર્થીઓને ચિંતા હતી કે અન્ય લોકોને આ કિંમતી શીખ વિશે, આ ખજાના વિશે કઇ રીતે જાણવા મળશે, જે તેઓ પોતે ચોક્કસપણે અન્યોને જણાવવા માગે છે. ફાધર પ્રભુએ આ વાતનો પ્રતિભાવ આપતા કહ્યું કે આ શીખ વહેંચવાનો એક જ રસ્તો છે. વ્યક્તિની પોતાની જીવનશૈલી તેમણે પ્રસાર માટેના વિવિધ શક્ય વિકલ્પોની ચર્ચા કરી, સાથે એ પણ જણાવ્યું કે કૃષ્ણમૂર્તિ કોઇ પણ પ્રકારના પ્રચાર - જે હિંસા જ છે - એની વિરુધ્ધ હતા અને એટલે જ પ્રસાર ખૂબ જવાબદારીપૂર્વક થવો જોઇએ.

વિદ્યાર્થીઓને આ વાતો સાંભળવામાં ખૂબ રસ પડ્યો અને તેઓએ ઘણાં સવાલ કર્યા.

## શીખવવાનું ધૈર્ય - એક કાર્યશાળા






**૩ માર્ચ ૨૦૨૦ :** અરવિંદ રંગનાથન દ્વારા અમે બોમ્બે ટીચર ટ્રેનીંગ કોલેજ (BTTC) કૉલેજના વિદ્યાર્થીઓ સાથે એક દિવસની કાર્યશાળાનું આયોજન કર્યું હતું. વિષય હતો ‘શીખવવાનું ધૈર્ય’ અરવિંદે એ કાર્યશાળાનું ખૂબ જીવંત પરસ્પર સંવાદ સાધતું સંચાલન કર્યું અને વિદ્યાર્થીઓ પણ છેક સુધી પરોવાયેલાં રહ્યા.

અરવિંદે ઘણા સવાલો ઉઠાવ્યા અને પરસ્પરને સાધતા સંવાદ દ્વારા વિદ્યાર્થીઓને એ બાબતમાં જાગૃત કર્યા કે વ્યક્તિની પોતીકી સમજ, એક શિક્ષક તરીકે કે એક માનવ તરીકે વિશ્વ પર કઇ રીતે અસર પાડી શકે છે. તેઓએ વિદ્યાર્થીઓને એવા માર્ગ શોધવાનું કહ્યું જેમાં શૈક્ષણિક સંસ્થાઓ વ્યક્તિની પોતીકી વૈયક્તિક સમજને ઊંડી, સઘન કરે અને પરિણામ ઉત્તમ શિક્ષણ તરફ દોરી જાય.

પ્રશ્નોત્તરીના સમયગાળા દરમ્યાન અરવિંદે વિદ્યાર્થીઓના જૂથને તેમના બાળપણની સ્મૃતિઓ, ભય અને ચિંતા, ભૂતકાળના પ્રભાવો, અપાર સંઘર્ષ, શિક્ષણની કોઇ વિશેષ કાબેલિયત, વિદ્યાર્થીઓ સાથેના સંબંધમાં તેઓના વ્યવહાર વિશે ધ્યાનપૂર્વક વિચારવાનું કહ્યું. આ સ્વયમ્ ની શોધ થકી ભય, નબળાઇ, ધ્રુવીકરણ, નિખાલસતા, સંવેદનશીલતા જેવા અનેક મુદ્દાઓ તરી આવ્યા. કૃષ્ણમૂર્તિ આ સંકુચિતતાની આપણા રોજિંદા જીવન પર પડતી અસર વિશે કઇ રીતે સમજાવતા હતા તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

તેમણે શિક્ષણ સંસ્થાઓ ડિઝાઇન કરવાના વિવિધ પાસાઓની ચર્ચા કરી. તેમણે કેટલાક વિરોધી શબ્દો- જેમ કે માથું અને હૃદય, હકીકત અને લાગણી, સિધ્ધાંત અને વ્યવહાર, શીખવવું અને શીખવુંની વાત કરી અને આ વિરોધી બાબતો વચ્ચેના યોગ્ય સંતુલનની મહત્તા દર્શાવી. વિદ્યાર્થીઓએ અલગ અલગ જૂથ બનાવીને શિક્ષણના કેન્દ્ર બનાવવા માટેના તેઓના વિચારની રજૂઆત કરી.

**૨૯ ડિસેમ્બર ૨૦૧૯ :** એક નાની જૂથ ચર્ચા કેમ્પસની અંદર જ ગોઠવવામાં આવી હતી. સૂત્ર સંચાલન શ્રી અભિજીત પદ્તેએ સંભાળ્યું. તેઓએ વાતચીતનો દોર ખૂલ્લો મૂક્યો અને સહભાગીઓએ પ્રશ્નો પૂછયા કે ઝંખના, સુખ અને મુખ્ય તો ભયનો સામનો કઇ રીતે કરવો અથવા ભયગ્રસ્ત પરિસ્થિતિમાં કઇ રીતે રહેવું બધાના પ્રતિભાવ પણ ખૂબ વિચારણીય રહ્યા. અભિજીતે સમજાવ્યું કે વિચાર કઇ રીતે ભયનું કારણ બને છે, અને આપણે ભયનો સામનો કરવા વિચારનો જ ઉપયોગ કરીએ છીએ. તેમણે એક સવાલ ઉઠાવ્યો કે આપણે વિચાર કર્યા વગર ભયનો સામનો કરી શકીએ કે કેમ. એવાં સૂચનો પણ આવ્યાં કે ભૂતકાળને વચ્ચે લાવ્યા વિના ભયનું નિરીક્ષણ કરવું જોઇએ. અભિજીતે નિર્દેશ કર્યો કે જો આ સમજ સાચી હોય તો તે કેવળ વિચાર નથી. ભૂતકાળમાંથી જન્મેલો પ્રત્યાઘાત પણ નથી, પણ કાર્ય છે. આ વાત પરથી ચર્ચા ચાલી કે આપણે વિચારોનું સંચાલન પૂર્ણપણે બંધ કરી શકીએ કે કેમ અને જેમ કૃષ્ણજી કહે છે તેમ કઇ રીતે વિચારોનો ત્યાગ કરી શકીએ. અભિજીતે જણાવ્યું કે આ કોઇ સિધ્ધાંત જેવું લાગે છે, પણ જો વિચારોની મર્યાદાને સમજી શકાય તો વ્યક્તિ વિચારને એના યોગ્ય સ્થાન પર મૂકી શકે. સહભાગીઓ ખૂબ ગંભીરતાપૂર્વક આ ચર્ચામાં જોડાયા.

**૨૦ જાન્યુઆરી ૨૦૧૯ :** સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટસના માસ્ટર ઑફ આર્ટસના બૅચલર ઑફ આર્ટસના વિદ્યાર્થીઓ સાથે એક વાતચીત ગોઠવવામાં આવી હતી. ડિઝાઇન કેળવણીકાર, કળાકાર, લેખક અને કવિ શ્રી નીતિન કુલકર્ણીએ સૂત્ર સંચાલન કર્યું. વિષય હતો ‘કળા, સૌંદર્ય અને સર્જન’. તેઓએ Education and the Significance of Life - ‘જીવન અને શિક્ષણનું મહત્ત્વ’ આ પુસ્તકના ‘કળા, સૌંદર્ય અને સર્જન’ એ પ્રકરણ પર વિશદ્ ચર્ચા કરી. કૃષ્ણમૂર્તિ જે રીતે સૌંદર્ય અને સર્જનાત્મકતાને નિહાળે છે. તે આ વિદ્યાર્થીઓ માટે નવી જ વાત હતી. વિદ્યાર્થીઓ આ પારસ્પરિક સંવાદ માટે ખૂબ ઉત્સુક હતા.

**૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ :** અમે S.I.E.S. સાયનની આ કૉલેજમાં ‘The seer who walks alone’ આ ફિલ્મનું સ્ક્રિનિંગ ગોઠવ્યું હતું. તત્વજ્ઞાનના વિદ્યાર્થીઓએ એમાં હાજરી આપી હતી. પ્રોજેક્ટર અને વર્ગખંડના સ્થળ વિશેની કેટલીક સમસ્યાને કારણે સ્ક્રિનિંગ બહુ સ્પષ્ટ નહોતું દેખાતું. ભવિષ્યમાં અમારે વધારે સારી વ્યવસ્થા માટે ચોક્કસ રહેવું પડશે.

# વિચારણા પર આધારિત નથી એવું દર્શન

કૃષ્ણમૂર્તિ સાથે ચર્ચા કરતી વખતે - એ કોઇ અંગત મુલાકાત હોય કે જાહેર પ્રશ્નોત્તરી હોય -સંશોધન, તપાસ અને પ્રશ્નો એ માનસિક રીતે જરુરી રહેતું. તેઓ પોતાના શ્રોતાઓને તેમણે આપેલી શીખનો પોતાના પર પ્રયોગ કરવાનું પ્રોત્સાહન આપતા કે જેથી તેમને સમજાય કે તેમણે જે કહ્યું તે સાચું હતું કે નહીં અને પરિણામ માટે કહેતા : તેના ફાડીને ટુકડા કરી નાખો, જુવો કે તે સાચું છે કે કેમ.

સંવાદ ૧૯૬૦માં ઉભરી આવ્યા અને તે એમને માટે ખૂબ મહત્ત્વપૂર્ણ હતા, તેઓ કહેતા : જો તમે પ્રશ્નો નહી પૂછો, તો આપણે આગળ વધી નહીં શકીએ, અને હજી ઘણું શીખવાનું છે. સંવાદ એક કળાનું સ્વરુપ બની ગયાઃ કોઈ એક મતનો કે દષ્ટિબિંદુનો આગ્રહ રાખ્યા વગર ધીરે ધીરે સામસામે પ્રશ્નો કરવા. એમ એ એક ટેનિસ મેચ જેવું હતું જ્યાં કોઇ પ્રશ્ન, પ્રશ્નકર્તાઓ વચ્ચે સ્થગિત થઈ જાય તો એને બધા પાસાઓથી વિચારવામાં આવે. ડિબેટમાં આગળ વધી જવાની કે વધુ પોઇંટ મેળવવાની એષણા રાખ્યા વગર સંવાદમાં ચાલી રહેલા મુદ્દાને જીવંત રાખવા માટે વધુ સ્નેહ અને ધ્યાન આપવામાં આવતું. સહુથી અગત્યની તો હતી શ્રવણ કળા, બધા સહભાગીઓ કોઇ પણ જાતના પૂર્વગ્રહ કે માનસિક ચળવળ વગર તે સાંભળતા હતા.

સંવાદ એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો વાર્તાલાપ, બે વ્યક્તિઓ જેને પોતાના જીવનની ચિંતા છે, પોતાની જીવનશૈલીની ચિંતા છે, પોતાની આજુબાજુની દુનિયા વિશે ચિંતા છે અને તેઓ પોતાની સમસ્યાઓના સમાધાન માટે ગંભીર છે, અને તેથી તેઓ આ સંવાદમાં ગૂંથાયેલા રહીને તેની શોધ કરે છે.

આકસ્મિક રીતે મળવાનું, વાતચીત કરવાનું અને ચર્ચા કરવાનું કેટલું સરળ છે. પણ કેટલું મુશ્કેલ છે ગહનતાથી સંવાદ સાધવાનું. સંવાદમાં આપણે એ જોઇએ છીએ કે આપણે કોણ છીએ, આપણે શું વિચારીએ છીએ અને શું અનુભવીએ છીએ.ખરેખર તો આપણે સમગ્ર માનવજાત છીએ, તો મારા વિશે જાણવા જેવું શું છે? હું મારી જાતનું નિરીક્ષણ કરી શકું,પણ હું મારી જાતને મારા વિશે વિચારીને જાણી શકું નહીં. હું મારી જાતને મારા સંબંધો થકી અને મારી વિચારવાની ક્રિયાને નિહાળવાથી સમજી શકું છું, હું બોલતો હોઉં ત્યારે જે સાંભળું તે મને મારી પોતાની ત્વરિત અને સાચી ઓળખ આપે છે.

સંવાદમાં આપણે કૃષ્ણમૂર્તિના શબ્દોને આપણી વિચારસરણી, લાગણી અને સંબંધોના પ્રકાશમાં ચકાસી શકીએ છીએ. આપણા વિચારો અને લાગણીથી દૂર ગયા વગર કે તેને બદલવાની કોશિશ કર્યા વગર, જોવા માટેની આ ધ્યાન ની પ્રક્રિયા છે. સરળતાથી કહીએ તો આપણને રસ પડે તેવા થોડા મુદ્દાઓ પર આપણે પૂછપરછ કરી શકીએ છીએ, સંશોધન કરી શકીએ છીએ. તર્ક અને કારણો થકી આપણે તેમાં ઊંડા ઉતરીએ છીએ, અને તેના થકી જ તર્ક અને કારણોથી પણ ઉપર ઉઠીને કદાચ દર્શન સુધી પહોચીએ છીએ જે આપણી વિચારણા પર આધારિત નથી. આપણે આપણું ધ્યાન, આપણી જાગૃતિ, બહારથી અંદર તરફ વાળીએ છીએ, લોકો જે કહે તેની પ્રતિક્રિયા કરવાને બદલે જે કહેવાયું છે તેના પરિણામને જોવા વિશે જાગૃત થઈએ છીએ. સંવાદ એ ચિંતનાત્મક પ્રક્રિયા છે જ્યાં સ્નેહ સમેત આપણે જોઇ શકીએ કે મન નિરંકુશ છે. અરાજકતાને જોવું અને તેનાથી દૂર ન જવું, એ અરાજકતાની સ્થિતિને બદલે છે.

*World Teacher -*
*The Life and Teachings of J. Krishnamurti*

# સહભાગિતાની અવસ્થા

વાતચીતની સમસ્યા હંમેશાં એક અઘરી બાબત હોય છે. મને લાગે છે કે ગંભીર વિષયો ઉપર એકબીજા સાથે સહભાગિતા સાધવા માટે અમુક ગુણવત્તાવાળું અવધાન આવશ્યક છે. કારણ કે આપણામાંના મોટાભાગના લોકો બીજા માણસને કોઈ માહિતી આપતી વખતે પોતે જ સ્પષ્ટ હોતા નથી; અને તે માણસ ખરેખર ધ્યાન આપતો કે સાંભળતો હોતો નથી - તે પોતાની જ સમસ્યાઓ, પોતાની થજ વ્યગ્રતાઓ, પોતાના જ ભયોના બોજ હેઠળ દબાયેલો હોય છે. અને તેથી વાતચીત અત્યંત ખેંચતાણભરી, અત્યંત મુશ્કેલ બની જાય છે.

આવા પ્રકારની વાતચીતમાં ભાગ લેવા માટે આપણે બંનેએ - વક્તાએ અને તમારે શ્રોતાઓએ - એક સહભાગિતાની અવસ્થામાં હોવું જોઈએ. આપણે એકબીજાના સહભાગી બની શકવા જોઈએ. એનો અર્થ કે આપણે બંને એક જ સમયે અને એક જ સ્તરે ઉત્કટ અવધાનની અવસ્થામાં હોવું જોઈએ.જો વક્તા એવું કંઈ કહેવા માગતો હોય, જેમાં અંતર્દષ્ટિની જરૂર પડે - માત્ર શાબ્દિક સ્વીકાર કે નકાર નહીં, પરંતુ અંતર્દષ્ટિ - આખી સમસ્યામાં ઊંડી, અંગત અંતર્દષ્ટિ, તો તમારે અને વક્તાએ એક જ સ્તરે, એકસરખી ઉત્કટતાથી, એક જ સમયે એકબીજાને મળવું જ પડે. નહીંતર કોઈ સહભાગિતા નહીં સધાય, કોઈ વાતચીત નહીં થાય. તમે શબ્દો સાંભળો અને શબ્દોનું તમારી કલ્પના મુજબ અને ભાષાની તમારી સમજણ મુજબ અર્થઘટન કરી શકો; પરંતુ ખરેખર સહભાગિતાની અવસ્થામાં હોવા માટે એ આવશ્યક છે કે તમે અને વક્તા બંને એકસરખી ઉત્કટતાથી અનુભવ કરો, ઉત્કટતાપૂર્વક સંવાદિતામાં રહો, એવા સ્તર ઉપર રહો જેમાં તમારું સંપૂર્ણ અવધાન આવશ્યક હોય; નહીંતર કોઈ વાતચીત સંભવ નથી.

મને ખબર નથી કે તમે ક્યારેય પોતાની જાત સાથે વાત કરી છે કે કેમ - ધ્યાન ધરવાનું એમ નહીં, પરંતુ માત્ર પોતાની જાત સાથે સંવાદિતાની, સહભાગિતાની અવસ્થામાં, વાતચીતમાં, સંસ્પર્શમાં, સંપર્કમાં રહેવાનું. જો તમે ક્યારેય તમારા મન સાથે સંસ્પર્શમાં, સંપર્કમાં, સંવાદિતામાં રહ્યા હો, તો તમે જાણતા હશો કે સંવાદિતામાં રહેવા માટે અમુક ગુણવત્તાવાળું અવધાન આવશ્યક છે. તમારે ત્વરાથી અનુસરવા માટે સક્ષમ હોવું જોઈએ, શબ્દનો અર્થ તેમ જ જે શબ્દથી પર છે તેનો મર્મ ત્વરિત જોઈ શકવા માટે સક્ષમ હોવું જોઈએ. જયારે આપણે બંને શબ્દનો અર્થ અને શબ્દનો મર્મ સમજીએ, ત્યારે જ સંવાદિતા અથવા તો વાતચીત સંભવ છે.

મને લાગે છે કે ખાસ કરીને જયારે આપણે એવી બાબતો સાથે કામ લેતા હોઈએ જેમાં ઊંડી અંતર્દષ્ટિની, વૈચારિક સૂક્ષ્મ દષ્ટિની,

ત્વરાશીલ અનુગમનની આવશ્યકતા હોય, ત્યારે તમારે માત્ર પોતાની જાત સાથે જ નહીં, પરંતુ વક્તા સાથે પણ સંવાદિતામાં હોવું જોઈએ. એટલે શ્રોતા તરીકે તમારું કામ બમણું મુશ્કેલ છે, કારણ કે તમારે માત્ર સમજવાનું અને પોતાની જાત સાથે સંવાદિતામાં રહેવાનું છે એટલું જ નહીં, પરંતુ એ સાથે શબ્દોને સાંભળવાના છે અને શબ્દોને કોઈ ચોક્કસ મહત્ત્વ આપવાનું કે શબ્દોમાં અટકવાનું નથી. તમારે કાળજીપૂર્વક, એવી ઉત્કટતાપૂર્વક સાંભળવાનું છે જે વિકૃતિ ન કરે, ભાષાંતર ન કરે, તુલના ન કરે; તમારે પોતાની જાત સાથે તેમ જ વક્તા સાથે પણ ગંભીર વાતચીતની અવસ્થામાં હોવું જોઈએ.તે બહુ મોટું કામ છે, તે એક વિલક્ષણ કામ છે. કારણ કે આપણે ખાસ મહત્ત્વ વિનાની કોઈ સામાન્ય બાબતની વાત નથી કરી રહ્યા - જેમ કે રાજકીય કે કોઈ સામાજિક સુધારણા અંગેની વાત. પરંતુ આપણે એવી બાબતની વાત કરી રહ્યા છીએ જે માનવને તેના પોતાના અસ્તિત્વના હાર્દ સુધી સ્પર્શે છે.

આપણે અહીંના પાછલા સંવાદમાં વાત કરી કે આપણે પ્રશ્ન કરવા માટે, આપણા અસ્તિત્વના સાચા અર્થની તપાસ કરવા માટે વસ્તુઓના મૂળ સુધી ઊંડે જવાના છીએ. અને તેને માટે એ આવશ્યક છે કે તમે માત્ર તમારા પોતાના મન અને હૃદયની અવસ્થા પ્રત્યે જાગૃત હો એટલું જ નહીં, પરંતુ એની સાથે તમે એ જ સ્તરે અને એ જ ઉત્કટતાથી જે કહેવાઈ રહ્યું છે તે પણ સાંભળો. માટે હું ધ્યાન દોરવા માગું છું કે તમારું કામ ખૂબ જ મહેનત માગી લે તેવું છે. તમે માત્ર નસીબજોગે સાંભળી નથી રહ્યા, સંમત કે અસંમત નથી થઈ રહ્યા. આપણે આપણા મન અને અસ્તિત્વના સમગ્ર માળખાની મહીં ખરેખર નિરીક્ષણ કરી રહ્યા છીએ. અને તમે તે વક્તાના સહકાર સાથે કરી રહ્યા છો, તેથી તમારે વક્તા સાથે તેમ જ તમારી પોતાની જાત સાથે સંવાદિતામાં હોવું જોઈએ. નહીંતર વક્તા અને તમારી વચ્ચેની વાતચીતનો તત્ક્ષણ અંત આવી જાય; તમે કોઈ એક બિંદુ ઉપર હો, અને વક્તા કોઈ અન્ય બિંદુ ઉપર હોય અથવા પોતાની વાત આગળ વધારતો હોય.

તો મને આશા છે કે તમે તમારી સામે રહેલા નિર્ધારિત કાર્યને જુઓ છો. હું તમારા માટે તે નિર્ધારિત કરતો નથી, તમે પોતાની જાત માટે તે નિર્ધારિત કરો છો. અને અન્ય સાથે સંવાદિતામાં હોવા માટેનો તે એકમાત્ર માર્ગ છે - પ્રકૃતિ સાથે, વાદળ સાથે, સૂર્યાસ્તના સૌંદર્ય સાથે, અથવા તમારી પત્ની અને બાળકો સાથે, તમારા પાડોશી સાથે, તમારા ઉપરી અધિકારી સાથે. તમારે અવધાનની એ અવસ્થામાં હોવું જોઈએ જેમાં આપણે જે વિચારીએ, વાતો કરીએ કે સાંભળીએ તેમાં આપણા બંને વચ્ચે સીધેસીધો સંબંધ હોય. કૃપા કરીને આનું મહત્ત્વ સમજો; આ સિવાય તમારી અને વક્તા વચ્ચે કોઈ સંબંધ સંભવતો નથી.

જ્યારે અંદરથી તેમ જ બહારથી આ સ્પષ્ટ હોય, જ્યારે તમારું મન ભટકતું કે થાકેલું કે કોઈ વસ્તુ વિષે વિચારતું ન હોય, જ્યારે તમે સાંભળતા હો - અર્થઘટન કે તુલના કે મૂલ્યાંકન કરતા નહીં, પણ ખરેખર સાંભળતા હો - તો તમે જાણશો કે આપણે બંને આપણા અસ્તિત્વના ઊંડાણમાં સાથે મળીને મુસાફરી કરી રહ્યા છીએ, અને ત્યાં આપણે આપણાં મન અને હૃદયમાં રહેલી બધી યાતનાઓ, બધી મુશ્કેલીઓ, બધી સમસ્યાઓની શોધ કરી રહ્યા છીએ.

મુંબઈ, ૧૯૬૪, દ્વિતિય જાહેર વાર્તાલાપ

## વિવાદશાસ્ત્ર અને સંવાદ

**મ**ને લાગે છે કે વિવાદશાસ્ત્ર મુજબના પ્રશ્નો અને સંવાદ એ બંને વચ્ચે ફરક છે. વિવાદશાસ્ત્ર મુજબના પ્રશ્નો કે પરીક્ષણનો જોડણીકોશ પ્રમાણેનો અર્થ છે, મતમતાંતરો દ્વારા સત્ય શોધવું. વિવાદશાસ્ત્રના અભિગમનો શાબ્દિક અર્થ આ છે. પરંતુ સંવાદ બે મિત્રો વચ્ચે હોય છે, જેઓ એકબીજાને ઘણી સારી રીતે જાણતા હોય, એકબીજાના શબ્દભંડોળ તેમ જ શબ્દોના વપરાશથી માહિતગાર હોય, અને ભેગા મળીને સાચી તપાસની ભાવનાથી તેઓ સત્ય શોધે - તપાસ દ્વારા, પોતપોતાના અભિપ્રાયોને આગ્રહપૂર્વક વળગી રહીને નહીં.તો પસંદ તમારે કરવાનું છે કે તમને કઈ રીત જોઈએ છેઃ કાં તો અભિપ્રાયો મારફતે સત્ય છે કે નહીં તેનું પરીક્ષણ કરવું, જેમાં મને ઘણી શંકા છે કારણ કે અભિપ્રાયો વ્યક્તિગત પૂર્વગ્રહો અને વિશિષ્ટતાઓ દર્શાવે છે; અને કાં તો સંવાદ મારફતે, જેમાં સંવાદનો અર્થ એ છે કે આપણે બંને એક સમસ્યામાં ઊંડો રસ ધરાવીએ છીએ, આપણે પૂર્વગ્રહો ધરાવતા નથી, આપણે સમસ્યાનું સત્ય શોધવા માટે કાળજીપૂર્વકની તપાસ કરીએ છીએ. તમે આ ફરકને જુઓ છો?એક વિવાદશાસ્ત્ર મુજબનો અભિગમ છે, જ્યારે બીજો કાળજીપૂર્વકના, બિનવ્યક્તિગત, વસ્તુનિષ્ઠ પરીક્ષણ મારફત સત્ય તરફ પહોંચવાનો અભિગમ છે. આનો અર્થ એ કે આપણે બંને કોઈ અભિપ્રાયો વિના, કોઈ નિષ્કર્ષો વિના, કોઈ આગ્રહો વિના, બે મિત્રો તરીકે સાથે મળીને શરૂઆત કરીએ.અને મારો અર્થ છે કે એવા મિત્રો જે સમસ્યા પ્રત્યે સાચી નિસબત ધરાવતા હોય, તે વિષે આદાનપ્રદાન કરીને સહપરીક્ષણ કરવા માગતા હોય, અને એ રીતે કદાચ સત્ય પામવા માગતા હોય. ખરું? તો, આપણે જે બધા સંવાદો કરવાના છીએ એ દરમ્યાન આ સ્પષ્ટ રાખજો કે અભિપ્રાયો, પૂર્વગ્રહો, નિષ્કર્ષોને વળગી રહેવાનું નથી. 'હું માનું છું' -એ એક નિષ્કર્ષ છે. પરંતુ જો તમે કાળજીપૂર્વકની તપાસ કરતા હો, તો આપણે બંને ખુલ્લું મન ધરાવીએ છીએ, અને જો આપણે વસ્તુનિષ્ઠ પરીક્ષણ કરવા માટે સ્વતંત્ર હોઈશું, તો આપણે ઘણે દૂર જઈ શકીશું.

સાનેન, ૨૮ જુલાઈ ૧૯૭૬, પ્રથમ જાહેર વાર્તાલાપ

સંવાદ ખૂબ મહત્ત્વનો છે. આ એવા પ્રકારની વાતચીત છે જેમાં પ્રશ્ન અને ઉત્તર ત્યાં સુધી ચાલ્યા કરે છે જ્યારે અંતમાં માત્ર નિરુત્તર પ્રશ્ન જ રહે. આમ આ પ્રશ્નોત્તરીમાં સંકળાયેલા બે માણસો વચ્ચે પ્રશ્ન સ્થગિત રહી જાય. આ વણખીલેલી કળી જેવું છે... જો પ્રશ્નને વિચાર દ્વારા તદ્દન વણસ્પર્શ્યો છોડી દેવામાં આવે, તો પછી તેનામાં પોતાનો ઉત્તર હોય છે, કારણ કે પ્રશ્ન કરનાર અને ઉત્તર આપનાર બંને વ્યક્તિઓ તરીકે અદૃશ્ય થઈ ગયેલા હોય છે. આ એવા પ્રકારનો સંવાદ છે જેમાં પરીક્ષણ ઉત્કટતા અને ઊંડાણના એક એવા બિંદુએ પહોંચે છે, જેમાં એવી ગુણવત્તા હોય છે જેને વિચાર કદી પહોંચી ન શકે.

મદ્રાસ, ૨૬ જાન્યુઆરી ૧૯૮૪

# સહચિંતન

આપણે બધા છ દિવસ ઘણીબધી બાબતો વિષે વાતો કરવાના છીએ. મને લાગે છે કે આ કહેવાતી ચર્ચાઓ વિષે આપણે સ્પષ્ટ હોવું જોઈએ. આ એક સંવાદ છે, સમસ્યાઓ વિષે એક પ્રકારની ગંભીર વાતચીત, સમસ્યાઓમાં માત્ર વિશ્લેષણાત્મક રીતે કે સાવચેતીપૂર્વક ઊંડા ઉતરવું એટલું જ નહીં, પરંતુ દરેક સમસ્યાના સમગ્ર માળખાને જોવું; માત્ર તેની વિગતો જ નહીં, પણ તેની સમગ્ર રચના અને સામગ્રીને જોવાં. આ તમારી અને વક્તાની વચ્ચે એક વાતચીત છે, સંવાદ છે, તેથી આપણે ભેદ્ય રહેવું જોઈએ; એનો અર્થ એ કે કોઈ પ્રતિકાર કે વિરોધ કરવાનો નથી, પરંતુ આપણી જાતને માત્ર પ્રશ્ન તરફ જ નહીં, કિન્તુ પ્રશ્ન સાથે સંકળાયેલી દરેક બાબત તરફ સંપૂર્ણપણે ખુલ્લી કરવાની છે, આપણું સમગ્ર અવધાન તેને આપવાનું છે. માટે આ સંવાદ, આ વાતચીત બૌદ્ધિક મનોરંજન નથી, દલીલોની આપ-લે માત્ર નથી - એક અભિપ્રાય સામે બીજો અભિપ્રાય, અથવા એક સૂત્ર સામે બીજું સૂત્ર, અથવા એક અનુભવ સામે અન્ય અનુભવો નથી. ખરું જોતાં આમાં તો સમસ્યાના ઊંડાણમાં જોવાનું છે, માત્ર કેવી રીતે તેમાંથી છૂટવું કે તેનાથી પાર નીકળી જવું તેની સાથે જ નિસબત રાખવાની નથી; તથા કોઈ એવી વિભાવના કે સૂત્રની આ વાત નથી જેમાંથી બધી સમસ્યાઓના સમાધાનની આપણે આશા કરી શકીએ.માટે આપણે કલ્પનાઓ સાથે વ્યવહાર નથી કરી રહ્યા, તમારી કલ્પના કે વક્તાની કલ્પના સાથે આપણે કોઈ નિસબત નથી. આપણને માત્ર વાસ્તવિકતા સાથે નિસબત છે, જે છે -જે ખરેખર છે - તેની સાથે નિસબત છે. તો પછી જો તમે અને વક્તા બંને સ્વીકારો કે આપણે જે ખરેખર છે તેનાથી શરૂઆત કરીએ છીએ - તમે તેને વિષે શું વિચારો છો કે તમે તે કેવું હોવું જોઈએ એમ વિચારો છો તેનાથી નહીં - તો આ સંવાદમાં આપણો સંબંધ તદ્દન ભિન્ન હશે, આ એકતરફી ઘટના નહીં હોય. જે કંઈ પણ કહેવામાં આવે તે પ્રત્યે ભેદ્ય રહેવું યોગ્ય રહેશે, કોઈપણ વસ્તુને નકારવાની નહીં; જેથી આપણે ખૂબ સંવેદનશીલ બનીએ, સમસ્યા પ્રત્યે જાગરૂક બનીએ. જો આ લગભગ સ્પષ્ટ હોય, અને મને આશા છે કે આપણે અહીં રોજ સવારે છ દિવસ સુધી મળીએ ત્યારે આપણે વિશદ છણાવટ કરીશું, તો આપણે આપણી વિવિધ સમસ્યાઓમાં હિતપૂર્વક ઊંડા ઉતરી શકીશું.

સાનેન, ૨ ઑગસ્ટ ૧૯૬૭, પ્રથમ જાહેર વાર્તાલાપ

**Statement about ownership and other particulars of Antarlahari Newsletter**

**Form IV**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 2. Peridicity of Publication | : | Once in four months, (January, May, September) |
| 3. Printer's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 6. Name and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowedge and belief.

Sd

(P. V. Dabholkar)

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિદ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમ જ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેઇલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

**www.kfimumbai.org**
**મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં વેબસાઈટ**

ફાઉન્ડેશનનના અંગ્રેજી, મરાઠી તેમ જ ગુજરાતી પ્રકાશન બાબત માહિતી, તેમ જ મરાઠી અને ગુજરાતી પુસ્તકોની કોઈપણ દેશમાંથી ખરીદી શકવાની સગવડ... વાચકોને વેબસાઈટ પર પોતાની માતૃભાષામાં કૃષ્ણમૂર્તિની જીવનદૃષ્ટિનું નિરીક્ષણ કરવાની આ એક વિશેષ તક છે.

**કૃષ્ણમૂર્તિના વિષયોની વેબસાઇટ્સ :**

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.rajghatbesantschool.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org
www.kfimumbai.org

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : kfimumbai.org, kfionline.org, jkrishnamurti.org

Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.
Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte
Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com